Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૦૬ ૧૭ જાન્યુઆરી, ૨૦૧૯, ગુરૂવાર; પોષ સુદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# ગાંધીનગર સમાચાર

# આજથી વાયબ્રન્ટ ગુજરાત સમિટ

**આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બપોરે ૨ વાગ્યે ગાંધીનગર આવી પહોંચશે : દેશના સૌથી મોટા ગ્લોબલ ટ્રેડ શોનું મોદી ઉદ્‌ઘાટન કરશે : બે દિવસ પ્રધાનમંત્રી ગાંધીનગરમાં રોકાશે : ૨૦ જાન્યુઆરી બાદ લોકો માટે ગ્લોબલ ટ્રેડ શો હશે : ૧૦૦ દેશોના ૩૦૦૦ આંતરરાષ્ટ્રીય ડેલિગેટ્‌સ ઉપસ્થિત રહેશે : ૨૦૦૦ કરોડના વેપારની શક્યતા**

ગાંધીનગર,તા.૧૬

દર બે વર્ષે યોજતા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા આગામી તારીખ ૧૭ થી ૨૨ જાન્યુઆરી, ૨૦૧૯ દરમિયાન હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો ૨૦૧૯ યોજાશે. આજે ગાંધીનગર ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતાં રાજ્યના ઉર્જામંત્રી સૌરભ પટેલે ટ્રેડ-શો અંગેની માહિતી આપતાં જણાવ્યું હતું કે "ગ્લોબલ ટ્રેડ-શો પ્રદર્શનનું ઉદઘાટન તારીખ ૧૭ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે. તારીખ ૨૦ જાન્યુઆરી સુધી આ પ્રદર્શન બાયર-સેલર મીટમાં ભાગ લેનાર પ્રતિનિધિઓ, મીડિયા તથા અભ્યાસુ અને વિદ્યાર્થીઓ માટે આરક્ષિત રહેશે. તારીખ ૨૦ જાન્યુઆરીના બપોર બાદ આ પ્રદર્શન તમામ મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે. પત્રકાર પરિષદમાં કૃષિ અને પંચાયત રાજયમંત્રી જયદ્રથસિંહ પરમાર અને પ્રવાસન વિભાગના અગ્ર સચિવ એસજે હૈદર પણ




ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, એક નવીન દ્રષ્ટિકોણ સાથે યોજાનાર આ પ્રદર્શનનો હેતુ વિવિધ ક્ષેત્રો માટે બી ટુ બીના પ્રતિનિધિઓ માટે મુલાકાતો યોજાઈ શકે એવો એક મંચ પૂરો પાડવાનો છે. જેમાં અરસપરસ રસ ધરાવતા વેપારીઓ સાથે બેઠકો, ખરીદ-વિક્રેતા બેઠકો, વેન્ડર ડેવલપમેન્ટ કાર્યક્રમો, વ્યાપાર નેટર્વકિંગ, તકનીકી મૂલ્યાંકન અને વ્યૂહાત્મક ભાગીદારીને મહત્વ આપવામાં આવશે. પટેલે કહ્યું હતું કે, વીજીજીટીએસ - ૨૦૧૯માં ૧૫૦૦થી વધુ દેશ-વિદેશ અને સ્થાનિય ખરીદદારો ભાગ લે એવી સંભાવના છે. એમએસએમઈ અને જાહેર ક્ષેત્રના સાહસો સહિતના મોટા સ્કેલ એન્ટરપ્રાઈઝિસ વચ્ચે વધુ મજબૂત ભાગીદારી વિકસાવવા માટે વેન્ડર ડેવલપમેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ખરીદકર્તા અને વિક્રેતાઓ વચ્ચે યોજાનાર આ બેઠકો દ્વારા ૨૦૦૦ કરોડ જેટલી રકમના વેપારની

● અનુસંધાન પાના - ૭ પર

# દિલ્હી સહિત ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

**ધુમ્મસના કારણે અનેક ટ્રેનો મોડે પડી રહી છે : દિલ્હીથી ઉડાણ ભરનાર અનેક ફ્લાઇટ મોડી પડીઃ ૨-૩ દિવસ ઠંડીથી રાહત મળશે નહી**

નવી દિલ્હી,તા. ૧૬

ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસની સ્થિતી ફરી એકવાર જોવા મળી રહી છે. ખાસ કરીને પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પશ્ચિમ રાજસ્થાન, ઉત્તર પૂર્વ મધ્યપ્રદેશ અને ઉત્તર ચંદીગઢમાં કાતિલ ઠંડી અને ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. ધુમ્મસના કારણે દિલ્હી આવતી ૧૩ ટ્રેનો મોડેથી દોડી રહી છે. હવામાન વિભાગના કહેવા મુજબ રાષ્ટ્રીય પાટનગરમાં છ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ. દિલ્હી-એનસીઆરમાં ધુમ્મસ અને ઠંડીના કારણે લોકોની હાલત આજે ફરી એકવાર કફોડી બની ગઈ છે. ધુમ્મસના કારણે દિલ્હીથી દોડનાર ૨૧ ટ્રેનો લેટ ચાલી રહી છે. જ્યારે ચાર ટ્રેનના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. માર્ગો પર ધુમ્મસના કારણે સવારે મોટી સંખ્યામાં લોકોને આવરજવરમાં તકલીફ પડી હતી. વિજિબિલિટી ઘટી જવાના કારણે દિલ્હી વિમાનીમથકે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગે કહ્યુ છે કે આગામી બે ત્રણ દિવસ દરમિયાન ઠંડીથી લોકોને રાહત નહી મળે તેવી શક્યતા છે.

# સીબીઆઈના નવા ડિરેક્ટરની નિમણૂંક માટે ૨૪મીએ મહત્વપૂર્ણ બેઠક

**લોકસભામાં કોંગ્રેસના નેતા ખડગે અને અન્યો તેમજ ચીફ જસ્ટિસ કમિટિના સભ્ય : કમિટિનું નેતૃત્વ મોદી કરી રહ્યા છે : બેઠક પર તમામની નજર રહેશે**

નવી દિલ્હી,તા. ૧૬

સીબીઆઈના નવા ડિરેક્ટર તરીકે અન્યની નિમણૂંક કરવા ૨૪મી જાન્યુઆરીના દિવસે ઉચ્ચસ્તરીય પસંદગી સમિતિની બેઠક મળનાર છે જેમાં તમામ પાસા ઉપર વિચારણા કરવામાં આવ્યા બાદ નિર્ણય લેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પેનલ ૨૪મી જાન્યુઆરીના દિવસે

● અનુસંધાન પાના - ૭ પર

## ન્યુઝ ટ્રેક

### અરૂણાચલના પૂર્વ સીએમએ ભાજપ છોડ્યુ

અરૂણાચલપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ગેગાંગ અપાંગે ભાજપ છોડી દીધુ છે. તેઓએ કહ્યું છે કે પાર્ટી સત્તા પ્રાપ્ત કરવાનુ મંચ બની ગઈ છે. તેઓ ચાર વર્ષ અગાઉ કોંગ્રેસ છોડી ભાજપમાં આવ્યા હતા.

### ઓરીસ્સા કોંગ્રેસના અધ્યક્ષનુ રાજીનામુ

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ૨૫ ફેબ્રુઆરીના રોજ ઓરીસ્સાની મુલાકાતે જઈ રહ્યા છે. રાહુલની આ મુલાકાત પહેલા જ ઓરીસ્સા કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ અને ઝાર સુગુડાન્વી કોંગ્રેસના ધારાસભ્ય નબા કિશોર દાસે પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધુ છે.

### મમતાની રેલીમાં રાહુલ-સોનીયા નહી જોડાય

આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાને રાખીને વિપક્ષ પોતાના ગઠબંધનને મજબૂત કરવાનો દરેક પ્રયાસ કરી રહી છે. આ દરમ્યાન કોલકત્તામાં ૧૯મી જાન્યુઆરીએ પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીની રેલી યોજાશે. જો કે આ રેલીમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી નહી જોડાય.

### રામ રહીમને સજા સંભળાવાશે

પત્રકાર છત્રપતિ હત્યાકાંડ મામલે ૧૭ જાન્યુઆરીના રોજ રામ રહીમને સજા સંભળાવાશે. જોકે તેમને કોર્ટમાં હાજર નહી રખાય. ચાર દોષિતોને વીડિયો કોન્ફરન્સથી સજા સંભળાવાશે.

### વિશ્વની ટોપ-૨૦૦માં ભારતની ૨૫ યુનિવર્સિટી

આ વર્ષે ટાઈમ્સ હાયર એજ્યુકેશનની પ્રતિષ્ઠિત 'ઈમર્જિંગ ઈકોનોમિઝ યૂનિવર્સિટી રેક્િંગ'માં ભારતની ૪૯ સંસ્થાઓ સ્થાન મેળવવામાં સફળ રહી છે. આ ૪૯ પૈકી ૨૫ સંસ્થાઓને ટોપ-૨૦૦માં સ્થાન સાંપડ્યું છે. લંડન સ્થિત ટાઈમ્સ હાયર એજ્યુકેશનના અનુસાર, ૨૦૧૯ની યાદીમાં સૌથી વધારે સ્થાન ચીનની સંસ્થાઓને મળ્યું છે, જેમાં શિંગુઆ યૂનિવર્સિટી નંબર-૧ના સ્થાને છે.

# કર્ણાટકમાં કોંગીના પાંચ સભ્યો શંકાના દાયરામાં

**કોંગીના પાંચ સભ્યો છેડો ફાડી ભાજપમાં જોડાય તેવી સંભાવના : જેડીએસ અને કોંગ્રેસના ધારાસભ્યોને તરફેણમાં કરવા ભાજપ સક્રિય કર્ણાટકમાં બહુમતિ માટે ૧૧૩ સભ્યોની જરૂર છે જ્યારે કોંગ્રેસ-જેડીએસની પાસે હાલમાં ૧૧૬ સભ્યો**

નવી દિલ્હી,તા. ૧૬

કર્ણાટકમાં રાજકીય કટોકટી ગંભીર બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. મંગળવારના દિવસે બે અપક્ષ ધારાસભ્યોએ જેડીએસ-કોંગ્રેસ ગઠબંધન સરકારને સમર્થન પરત ખેંચી લેતા રાજકીય ગરમી વધી ગઈ છે. બીજી બાજુ એમ પણ માનવામાં આવી રહ્યું છે કે, અપક્ષો બાદ કોંગ્રેસના અન્ય કેટલાક ધારાસભ્યો પણ છાવણી બદલવાની તૈયારીમાં દેખાઈ રહ્યા છે. કોંગ્રેસના ઓછામાં ઓછા પાંચ ધારાસભ્યો રાજીનામુ આપે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસે પોત પોતાની છાવણીમાંથી સભ્યોને રોકવા માટે તમામ પ્રયાસો જારી રાખ્યા છે. યેદીયુરપ્પાના આંતરિક વર્તુળોમાં રહેલા સુત્રોએ કહ્યું છે કે, પાર્ટી પહેલાથી જ કોંગ્રેસના ૧૨ ધારાસભ્યોના સંપર્કમાં છે અને તે ચારથી પાંચ અન્ય ધારાસભ્યોના ટેકાની રાહ જોઈ રહી છે. આ વખતે ચોક્કસપણે સારા પરિણામ મળશે. આવી સ્થિતિમાં ભાજપ ચોક્કસપણે કર્ણાટકમાં નવી સરકાર બનાવી લેવામાં અથવા તો લોકસભાની સાથે સાથે રાજયવિધાનસભાની ચૂંટણી મધ્યસત્રમાં યોજવા માટે ફરજ પાડશે. કુમારસ્વામીએ કહ્યું છે કે, પાર્ટી મજબૂતી સાથે આગળ વધી રહી છે. કર્ણાટક સંકટ વચ્ચે એકબાજુ મુખ્યમંત્રી કુમારસ્વામીએ ભાજપના ધારાસભ્યોની ખરીદી વેચાણની પ્રક્રિયાને લઈને આક્ષેપોને રદિયો આપ્યો છે. બીજી બાજુ કોંગ્રેસના

● અનુસંધાન પાના - ૭ પર

## કટોકટી ટૂંક સમયમાં ઉકેલાશે : કુમારસ્વામી

નવીદિલ્હી, તા. ૧૬

કર્ણાટકમાં રાજકીય ઘટનાક્રમ વચ્ચે મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીએ આજે સરકારને અસ્થિર કરવાના પ્રયાસ કરવાનો ભાજપ ઉપર આક્ષેપ કર્યો હતો પરંતુ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વર્તમાન કટોકટી ઉકેલાઈ જશે. બેંગ્લોરમાં બજેટ પૂર્વેની બેઠકોમાં ભાગ લઈ રહેલા કુમારસ્વામીએ એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મિટિંગ થવા જઈ રહી છે. રાજ્ય કેબિનેટમાંથી કોંગ્રેસના ચાર પ્રધાનોના રાજીનામાના ભણકારા વાગી રહ્યા છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, કોંગ્રેસ અને જેડીએસ વચ્ચેના સંબંધો ખુબ મજબૂત છે. બંને પક્ષો આગામી લોકસભાની ચૂંટણીમાં સાથે મળીને મેદાનમાં આવશે. મંગળવારના દિવસે બે અપક્ષ સભ્યોએ ગઠબંધન સરકારને ટેકો પાછો ખેંચી લીધો હતો. કુમારસ્વામીએ કહ્યું હતું કે, ભાજપ


કોંગ્રેસ અને જેડીએસના સંબંધ ખુબ મજબૂત : મુખ્યમંત્રી

● અનુસંધાન પાના - ૭ પર

# પુરૂષોના પોષાકમાં બે મહિલાઓએ સબરીમાલામાં પ્રવેશવા પ્રયાસ કરતા હોબાળો

**રોષે ભરાયેલા ભક્તોએ બે મહિલાઓને રોકી**



તિરુવનંતપુરમ્,તા.૧૬

બુધવારે વિરોધીઓએ ૩૦ વર્ષીય બે મહિલાઓને કેરળના પથાનમથ્થિટામાં સબરીમાલાના પર્વતીય મંદિરથી પાછા ફરવાની ફરજ પાડી હતી. આ અગાઉ થોડા દિવસો પહેલા જ બે મહિલાઓ મંદિરમાં દર્શન માટે પહોંચી હતી. કન્નુરના રહેવાસીઓ રેશ્મા નિશાંત અને શનિલા સજેશ, મંદિરમાં ૫.૫-કિલોમીટરના પરિસરમાં લગભગ અડધા વિસ્તાર સુધી પહોંચી ચૂક્યા હતા, પરંતુ સવારે રોષે ભરાયેલા ભક્તો દ્વારા તેમને રોકવામાં આવ્યા હતા.

પુરુષોના પોષાક પહેરી અને વિરોધીઓથી બચવા વહેલી સવારના સમયનો ઉપયોગ કરી તેમણે ૫ વાગ્યે ટ્રેકિંગ કરવાનું શરૂ કર્યું હતું. બંનેએ જણાવ્યું કે પોલીસ રક્ષણની ખાતરી મળ્યા બાદ જ તેઓ અહીં આવ્યા હતા. તેઓ થોડા સમય માટે ટ્રેકિંગ કરવામાં સફળ રહ્યા પરંતુ વિરોધીઓએ તેમને ઓળખી લીધા હતા. જો કે પોલીસે ત્યારબાદ પાંચ વિરોધીઓની ધરપકડ કરી મહિલાઓએ ટ્રેકિંગ ચાલુ રાખવા જણાવ્યુ હતું. થોડા સમય બાદ મોટી સંખ્યામાં વિરોધીઓ આગળ આવી મંદિર તરફ જવાના રસ્તા પર વિરોધ કરી રહ્યા હોવાથી બંને મહિલાઓને નીલિમાલામાં રોકવામાં આવ્યા હતા. આ હોબાળો બે કલાક સુધી ચાલતો રહ્યો અને ત્યારબાદ પોલીસ તેમને દૂર કરવામાં સફળ રહી. પોલીસે જણાવ્યું કે પરિસ્થિતિ તેમના નિયંત્રણથી બહાર હતી અને સ્થિતિ વધુ તણાવપૂર્ણ બનતા મહિલાઓનો વિરોધ થયા બાદ બંનેને પંબા બેઝ કેમ્પમાં પરત લઈ જવામાં આવી હતી. રાજ્યના મંદિરના મંત્રી કદકમ્પલી સુરેન્દ્રને જણાવ્યું કે મહિલાઓના દર્શન પર આવવું અને યાત્રાળુઓના ઉપવાસ પછી પણ તેમને મંદિરમાં પ્રવેશથી રોકવા તે "ખરેખર દુઃખદાયક" હતું.

# બ્રિટનની સંસદે બ્રેક્ઝિટ ડીલને ફગાવી

**વડાપ્રધાન થેરેસા મેએ રાજીનામું આપવું પડશે : સંસદમાં થયું ઐતિહાસિક મતદાન,સમજૂતીના પક્ષમાં ૨૦૨ તો વિરૂધ્ધમાં ૨૩૦ મત : થેરેસા મેની કન્ઝર્વેટિવ પાર્ટીના ૧૦૦થી વધુ સાંસદે પણ તેમની વિરુદ્ધ વોટ આપ્યો હતો**

લંડન,તા.૧૬

બ્રેક્ઝિટ એટલે કે યુરોપીય સંઘમાંથી બ્રિટનના અલગ થવાની વડા પ્રધાન થેરેસા મેની યોજનાને સંસદની મંજૂરી મળી શકી નથી. થેરેસા મેના બ્રેક્ઝિટના પ્રસ્તાવને હાઉસ ઓફ કોમન્સમાં ભારે બહુમતીથી ફગાવી દેવામાં આવ્યો છે. ૪૩૨ સાંસદમાંથી ફક્ત ૨૦૨ સાંસદનું સમર્થન થેરેસા મેને મળ્યું છે.

ડીલની વિરુદ્ધમાં ૨૩૨ વોટ પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે, બ્રિટિશ સંસદમાં બહુમતીનો જાદુઈ આંકડો ૨૩૦નો છે. આ સંસદમાં કોઈ પણ બ્રિટિશ પીએમની અત્યાર સુધીની સૌથી મોટી કારમી હાર માનવામાં આવે છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, થેરેસા મેની કન્ઝર્વેટિવ પાર્ટીના ૧૦૦થી વધુ સાંસદે પણ તેમની વિરુદ્ધ વોટ આપ્યો હતો.

બ્રિટિશ પીએમ થેરેસા મેની આ ઐતિહાસિક હાર બાદ વિપક્ષી લેબર પાર્ટીએ સરકાર સામે અવિશ્વાસ મતનો પ્રસ્તાવ આપ્યો છે. લેબર પાર્ટીના નેતા જેરેમી કોર્બિને જણાવ્યું કે, વડા પ્રધાન થેરેસા મેની બ્રેક્ઝિટ ડીલ ભારે બહુમતીથી ફગાવાઈ ગઈ છે અને આ કારણે સરકારે સદનનો વિશ્વાસ ગુમાવી દીધો છે. બ્રિટિશ સંસદે થેરેસા મેની બ્રેક્ઝિટ ડીલને ફગાવી દેતાં હવે કોઈ પણ ઘડીએ પીએમ થેરેસા રાજીનામુ આપે તેવી પણ શક્યતા છે.



ઉલ્લેખનીય છે કે, બ્રેક્ઝિટ માટે ૨૯ માર્ચની તારીખ નક્કી કરવામાં આવી છે. હજી તેમાં બે મહિનાનો સમય બાકી છે. હવે બ્રિટિશ સંસદમાં બ્રેક્ઝિટ પ્રસ્તાવ પસાર ન થવાની સ્થિતિમાં બ્રિટનની યુરોપીય સંઘ છોડવાની યોજના પણ ખોરંભે ચડી શકે છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર, બ્રિટન સરકાર હવે બ્રેક્ઝિટ માટે વધારાનો સમય માગે તેવી પણ એક શક્યતા છે.

વડા પ્રધાન થેરેસા મેને આમ તો બ્રેક્ઝિટ ડીલ પ્રસ્તાવ પર મતદાન પહેલાં જ કારમી હારનો ડર હતો અને આ કારણે જ તેમણે અગાઉ પણ એક વખત મતદાન મુલતવી રખાવ્યું હતું. તેઓ સતત સાંસદોને આ પ્રસ્તાવના પક્ષમાં મતદાન કરવાની અપીલ કરી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, લગભગ ૧૮ મહિના સુધી ચાલેલી મંત્રણા પ્રક્રિયા બાદ નવેમ્બર મહિનામાં યુરોપીય સંઘની સાથે બ્રેક્ઝિટ ડીલ પર સહમતી સધાઈ હતી. ડિસેમ્બરમાં ડીલ અંગે હાઉસ ઓફ કોમન્સમાં મતદાન થવાનું હતું, પરંતુ હારના ડરથી થેરેસા મેએ આ મતદાન ટાળ્યું હતું.

પીએમ થેરેસા મે જો બ્રેક્ઝિટ પ્રસ્તાવ ફગાવાયો હોવા છતાં પણ ૨૯ માર્ચે યુરોપીય સંઘથી અલગ થવાની યોજનાનો અમલ કરે તો તેનાથી વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થાને ગંભીર નુકસાન થશે અને વૈશ્વિક બજારમાં બ્રિટનની ધાક પણ નબળી પડશે.

સંસદના નિયમ અનુસાર થેરેસા મે પ્રસ્તાવ પસાર કરાવવામાં નિષ્ફળ ગયા બાદ હવે ત્રણ દિવસની અંદર તેમણે પોતાની આગામી રણનીતિ જાહેર કરવી પડશે અને નવો પ્રસ્તાવ સંસદમાં રજૂ કરવો પડશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય